# સેક્ટર-૨૯ને કલસ્ટર કવોરન્ટાઈન કરાયું

**કોરોનાને પગલે પોલીસ તંત્ર દ્વારા લેવાયેલો કઠોર નિર્ણય : સેક્ટરના તમામ પ્રવેશદ્વારા પર પોલીસનો પહેરો, ચાર પીસીઆરવાન દ્વારા સતત પેટ્રોલીંગ, ડ્રોન દ્વારા સર્વેલન્સની કામગીરી કરાશે, બિનજરુરી બહાર નીકળતા નાગરીકો સામે કડક કાર્યવાહી થશે**








ગાંધીનગર, તા.૯

સમગ્ર વૈશ્વિક સ્તરે પ્રસરેલા કોરોના વાયરસને પગલે દુનિયાભરમાં આશરે ૩૫૦ કરોડ જેટલા નાગરીકો લોકડાઉન સ્થિતિમાં છે, જેને કારણે સમગ્ર વિશ્વ જાણે થંભી ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ભારતમાં એક તબક્કે લોકડાઉન લાબુ નહી ચાલે તેવી આશા સેવાઈ રહી હતી પરંતુ છેલ્લા એક સપ્તાહમાં કોરોનાનો કહેર ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચી જવા પામ્યો છે. ત્યારે લોકડાઉન પણ લંબાવાય તેવી ભિતી સેવાઈ રહી છે. ત્યારે આ સાથે ગાંધીનગરમાં કોરોના વાયરસ સંક્રમણ ધરાવતા હોટ સ્પોટની ઓળખ કરવામાં આવી છે અને આ હોટ સ્પોટને કલસ્ટર કવોરન્ટાઈનમાં ફેરવી વ્યવસ્થા તંત્ર દ્વારા કોરોના વાયરસ સંક્રમણને શકય હોય તેટલું મર્યાદિત કરવા કમર કસવામાં આવી રહી છે.

ગુજરાતમાં પણ પ્રવેશી કોરોના એ અજગરી ભરડો લેવાનું શરુ કર્યુ છે. સમગ્ર રાજયમાં કોરોનાના ૨૬૦ થી વધુ કેસ પોઝીટીવ છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોનાના ૧૩ કેસ જોવા મળ્યા હતા. જેમાં ૩ જેટલા દર્દીઓ સ્વસ્થ થઈ જતા રજા આપી દેવામાં આવી છે. કોરોનાના સૌથી વધુ કેસ સેકટર-૨૯ ના એક પરિવારના હતા. જેને અનુલક્ષી આજે પોલીસે સેકટર-૨૯ ને કલસ્ટર કવોરન્ટાઈન કરી દીધુ છે. સેકટર-૨૯ માં પ્રવેશવાના તમામ ૧૨ નાકા પોઈન્ટ પર પોલીસનો પહેરો ગોઠવી દેવાયો છે. કોઈપણ વ્યકતિ સેકટરની અંદર કે બહાર જઈ શકશે નહી. પોલીસની ચાર પીસીઆર વાન દ્વારા સતત રાઉન્ડ ધ કલોક સેકટરના આંતરીક માર્ગ પર પેટ્રોલીંગ કરવામાં આવશે તે ઉપરાંત ડ્રોન દ્વારા પણ સર્વેલન્સની કામગીરી કરવામાં આવશે. જયારે કામ વિના આંટાફેરા મારતા નાગરીકો નજરે પડશે તો તેમની સામે જાહેરનામા ભંગ બદલ ગુનો પણ નોંધવામાં આવશે. રાજયમાં વધી રહેલા સંક્રમણને અટકાવવા લોકડાઉનને વધુ કડક કરવામાં આવશે. જયારે સેકટર-૨૯ માં કલસ્ટર કવોરન્ટાઈન વિસ્તારમાં સર્વેલન્સ વધુ ચુસ્ત બનાવવા માટે પોલીસ ફુટ અને મોટર સાયકલ પેટ્રોલીંગ પણ જરુર પડે તો વધારશે. તેમજ મદદ માટે પોલીસની અન્ય એજન્સીઓનો સહયોગ લેવાશે. પોલીસ તંત્રની મદદથી આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યની ચકાસણી વધુ સઘન બનાવવામાં આવશે તેમજ આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા માટે પુરતો પોલીસ બંદોબસ્ત પણ તૈનાત રહેશે.

## શહેર-જિલ્લામાં જાહેરમાં થુંકીને ગંદકી કરનાર સામે ગુનો નોંધાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર અથવા જિલ્લામાં જાહેરમાં થુંકી અને ગંદકી ફેલાવનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજે જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર એચ.એન. જાડેજા દ્વારા આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. આ જાહેરનામાનો અમલ ૧૫મી એપ્રિલ સુધી રહેશે તેમ પણ આ જાહેરનામામાં જણાવાયુ છે. અધિક નિવાસી કલેક્ટર દ્વારા ભારત સરકાર દ્વારા લોકડાઉન સેવાઓમાં જે કેટલીક મુક્તિઓ જાહેર કરાઈ છે તેનો સમાવેશ કરી અને ૧૪૪ અંગેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે જે નોંધનીય છે.

## સિવિલમાંથી શારદાબેનને રજા અપાઈ

**સિવિલમાંથી ૩ મહિલા દર્દીઓને રજા અપાઈ છે : ૪ નવા શંકાસ્પદ કેસ દાખલ થયા : સપ્તાહના અંત સુધીમાં સિવિલ હોસ્પિટલ કોવિડ હોસ્પિટલમાં તબદીલ થવાના સંકેત**



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી કોરોનાના વધુ એક મહિલા દર્દીને આજે રજા આપવામાં આવી છે. સિવિલમાંથી ત્રણ મહિલા દર્દીઓને અત્યાર સુધીમાં રજા આપવામાં આવી છે.

૮૬ વર્ષની જૈફ વય ધરાવતા શારદાબેન પટેલ સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. શારદાબેન પટેલ. ઉમંગ પટેલના ફુવા અશોક પટેલ (ફાર્માસીસ્ટ)ના માતૃશ્રી છે.

તેઓ આજે તેમના ઘરે ગયા છે અને તેમને ૧૪ દિવસ માટે હોમ ક્વોરોન્ટાઈનની સલાહ પણ આપવામાં આવી છે.

બીજી તરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વધુ ૪ શંકાસ્પદ દર્દીઓ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર શહેરમાં ૧૨૧ લોકો હોમ ક્વોરોન્ટાઈન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે ૧૨૧ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં મનપા દ્વારા ઉભા કરાયેલ ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ૧૨ જેટલી વ્યકતીઓ છે.

મળતી વિગતો મુજબ ૧૩મી એપ્રિલ સુધી આ હોમ ક્વોરોન્ટાઈનમાં રહેશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં હોમ ક્વોરોન્ટાઈન રહેલા લોકોનું પણ રોજે રોજ ચેક-અપ અને સર્વે કરાતુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. વિદેશથી પરત આવેલા નાગરિકોના સંપર્કમાં જે વ્યક્તિ આવ્યા છે તેમને હોમ ક્વૉરોન્ટાઈન કરાયા છે.

## પોલીસની મદદ માટે વનતંત્રના ૫૨ અને આરટીઓના ૭ કર્મચારીઓને ફરજ

**વનતંત્રના ૧૨ ફોરેસ્ટ ઓફિસર અને ૪૦ બીટ ગાર્ડને ફરજ સોંપાઇ : આર ટી ઓના ૭ આશિષ્ટન્ટ ઇન્સ્પેકટર પણ પોલીસની મદદમાં જોડાયા**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી લોકડાઉન ચાલી રહ્યુ છે. લોકડાઉન દરમિયાન કોઈપણ નાગરિક બિનજરૂરી બહાર ન નિકળે તે માટે શહેર જિલ્લામાં ઠેર ઠેર પોલીસ પેટ્રોલીંગ કરતી નજરે પડે છે. જયારે બિનજરૂરી બહાર નિકળતા નાગરિકોના વાહનો પણ ડીટેઈન કરી લેવાય છે. આવા સંજોગોમાં પોલીસનો મેન પાવર વધારવા માટે અને લોકડાઉનના વધુ કડક અમલ માટે વનતંત્ર અને આર ટી ઓ કક્ષાએથી પણ પોલીસતંત્રને સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. જેમાં આર ટી ઓ એ ૭ આશિષ્ટન્ટ પોલીસ ઈન્સ્પેકટર તેમજ વનતંત્રએ ૧૨ ફોરેસ્ટ ઓફિસર અને ૪૦ બીટ ગાર્ડ સહીત ૫૨ કર્મચારીઓ પોલીસની મદદ માટે ફરજ પર મોકલ્યા છે.

શહેરમાં કોરોનાના લીધે લોકડાઉનની સ્થિતિ યથાવત છે. જયારે આકરી ગરમી વચ્ચે લોકડાઉનમાં પોલીસતંત્ર પણ પહેરો આપી રહ્યુ છે. હાલ ડોકટરોની સાથે પોલીસની કામગીરી પણ અત્યંત મહત્વની છે. સમગ્ર દેશમાં લોકડાઉન અપાયુ છે. ત્યારે ગુજરાતના મુખ્ય શહેરો સહીત ગાંધીનગરમાં પણ લોકડાઉન દરમિયાન કોઈપણ વ્યકિત બિનજરૂરી બહાર અવરજવર ન કરે તે માટે સતત પોલીસ પેટ્રોલીંગ કરી રહી છે. સેકટરોની શેરીઓ અને નગરના મુખ્યમાર્ગો પર પોલીસનુ સતત પેટ્રોલીંગ જોવા મળી રહ્યુ છે. દિવસની સાથે રાત્રિના સમયે પણ પોલીસના જવાનો રાઉન્ડ લેતા નજરે પડે છે. ત્યારે આકરા સમયમાં સતત પહેરો આપતા અને ચાંપતી નજર વચ્ચે આમ નાગરિકોને ઘરમાં રાખવા માટે ખડાપગે મહેનત કરતા પોલીસતંત્રને પણ સેવાભાવી સંસ્થાઓ મદદ કરવા સેવાના કાર્યો હાથ ધરે છે. આ ઉપરાંત પોલીસ વધુ અસરકારક કામગીરી કરી શકે તે માટે પોલીસતંત્રને મેનપાવર પુરો પાડવા માટે આર ટી ઓ તેમજ વનવિભાગ દ્વારા પણ પોલીસને તેમનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. જેમાં વનતંત્રએ ૪૦ બીટગાર્ડ તેમજ ૧૨ ફોરેસ્ટ ઓફિસર પોલીસ સાથે ફરજ નિભાવવા જોડાયા છે. આ ઉપરાંત ગાંધીનગર આર ટી ઓ કચેરીનો પણ અમુક સ્ટાફ પોલીસની મદદે છે.

જેમાં આર ટી ઓના ૭ આશિષ્ટન્ટ ઈન્સ્પેકટર હાલ પોલીસ સાથે ફરજ નિભાવી રહ્યા છે. આમ આર ટી ઓ તેમજ વનતંત્રના ૫૯ કર્મચારીઓ પોલીસ પેટ્રોલીંગ તેમજ વાહન ચેકીંગમાં સહાયક કામગીરી નિભાવી રહ્યા છે. કોરોના વાયરસને અનુલક્ષી છેલ્લા ઘણાં સમયથી લોકડાઉન ચાલી રહ્યુ છે.

ત્યારે પોલીસ માટે પણ આકરી ગરમીમાં અપુરતા મેનપાવર વચ્ચે કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં અન્ય વિભાગના મેન પાવરની મદદથી પોલીસ તંત્ર વધુ અસરકારક કામગીર કરી રહ્યુ છે. કોરોનાના કહેરથી આમ પણ નાગરિકો ઘરની બહાર નિકળતા નથી ત્યારે લોકડાઉન વચ્ચે પણ પોલીસની કામગીરી વધી ગઈ છે.

## બે દિવસમાં ગરમીનુ રૌદ્ર સ્વરૂપ જોવા મળશે

**પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચશે : એપ્રિલ ૧૧ થી ૧૭ દરમિયાન ગુજરાતના વિવિધ ભાગોમાં આક્રમક ગરમી પડશે : ગરમીનો પારો ૪૨ થી ૪૪ સુધી પહોંચવાની સંભાવના : વચ્ચેના દિવસોમાં વાતાવરણ પલ્ટો પણ જોવા મળશે : અંબાલાલ પટેલ**



ગાંધીનગર તા ૯

ગુજરાતમાં આગામી બે દિવસમાં કાળઝાળ ગરમી પડશે. ગરમીનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રીને પાર થશે. ૧૧ થી ૧૭ એપ્રિલ દરમિયાન મધ્ય ગુજરાત, વડોદરા , અમદવાદ, ગાંધીનગર ,રાજકોટ ,સુરેન્દ્રનગર અને અમરેલી ભુજ ઉપરાંત રાજસ્થાનમાં પણ ગરમીનુ રૌદ્ર સ્વરૂપ જોવા મળશે જયારે આ દરમિયાન વાતાવરણ પલ્ટાની પણ અસર જોવા મળશે તેમ જાણીતા જયોતિષવિદ અંબાલાલ પટેલે જણાંવ્યુ છે.

ગાંધીનગર સહીત ગુજરાતના વિવિધ વિસ્તારમાં આગામી બે દિવસમાં ગરમીનો પારો ઉગ્ર બનશે. તા ૧૧ થી ૧૭ એપ્રિલમાં ગરમીનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી સુધી પહોંચી જશે. અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ ગત દિવસોમાં પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ હવામાન પલ્ટો આવ્યો હતો. જયારે હવે પશ્ચિમી વિક્ષેપની

● અનુસંધાન પાન-૭ પર

## લોકડાઉનના ૧૬માં દિવસે પુરતો શાકભાજીનો આવરો

**૪૬.૫૪ લાખ લીટર દૂધનું વિતરણ કરાયું : ૧૯,૫૬૯ ક્વિન્ટલ ફળફળાદીની આવક : રાજ્યભરમાં જરૂરિયાતવાળા લોકો સુધી ફુડ પેકેટોનું કરાયેલું વિતરણ**

ગાંધીનગર, તા. ૯

કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતિ વચ્ચે લોકડાઉનનો દોર ચાલી રહ્યો છે. સમગ્ર ભારત અને ગુજરાતમાં લોકડાઉનના આજે ૧૬માં દિવસે પણ લોકોને જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિનીકુમારે તમામ વિગતો પુરી પાડી હતી. નાગરિક પુરવઠાની સ્થિતિ માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં ગુરુવારે ૧૯૩.૩૪ લાખ લીટર દૂધની આવક થઈ છે જ્યારે ૪૬.૫૪ લાખ લીટર દૂધનું વિતરણ કરવામાં આવ્યું છે. ૯૨૬૬૯ ક્વિન્ટલ શાકબાજીનો આવરો થયો છે જેમાં ૨૬૨૪૦ ક્વિન્ટલ બટાકા, ૧૨૪૦૭ ક્વિન્ટલ ડુંગળી, ૯૧૬૧ ક્વિન્ટલ ટામેટા, ૪૪૭૫૯ ક્વિન્ટલ લીલા શાકભાજીનો સમાવેશ થાય છે. ફળફળાદીની આવક ૧૯૫૬૯ ક્વિન્ટલ થાય છે. મુખ્યમંત્રીના સચિવે એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં હજુ સુધીમાં ૭૩૦૦૩૦૦૦ ફુડ પેકેટોનું જરૂરિયાતવાળા લોકો સુધી વિતરણ કરવામાં આવ્યું છે. જીવન જરૂરી ચીજવસ્તુઓ સાથે સંકળાયેલા લોકો અને સમગ્ર રાજ્યમાં હજુ સુધીમાં પરેશાનીનો સામનો કરતા લોકોને સુવિધા આપવામાં આવી રહી છે. જીવન જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડતા ફેરિયા, નાના વેપારીને અવરજવર માટે બે લાખ ૮૮ હજાર પાસ ઈશ્યુ કરાયા છે. તેમણે જણાવ્યું હતું કે, હેલ્પલાઈન ૧૦૭૦ પર હજુ સુધી ૫૨૮૧ અને જિલ્લા હેલ્પલાઈન ૧૦૭૭ પર ૨૪૩૩૧ કોલ મળ્યા છે. આ કોલ મેડિકલ સર્વિસ, દવાઓ, નાગરિક સુવિધાલક્ષી બાબતો, દુધ વગેરેના પુરવઠા સંદર્ભે મળ્યા છે. આ સંબંધમાં તંત્ર વાહકોએ જરૂરી કાર્યવાહી પણ કરી છે. ગુજરાતમાં લોકડાઉનનો ગાળો હાલ ચાલી રહ્યો છે ત્યારે એક પછી એક કઠોર પગલા લેવામાં આવી રહ્યા છે. લોકોને તકલીફ ન પડે તેની કાળજી લેવામાં આવી રહી છે.

## અમેરિકામાં કોરોનાથી વધુ બે ગુજરાતીઓના મૃત્યુ

ગાંધીનગર,તા.૯

વિશ્વની મહાસત્તા અમેરિકા પણ કોરોના સામે ઘૂંટણીએ પડી ગયું છે, અત્યાર સુધી આ વૈશ્વિક મહામારીથી અમેરિકામાં સૌથી વધુ મોત લોકોના થઈ રહ્યા છે, અને દરરોજના હજારો લોકો કોરોના પોઝિટીવ આવી રહ્યા છે. અમેરિકામાં મોટલના વ્યવસાય સાથે સંકળાયેલા મૂળ ગુજરાતીઓ પણ કોરોના વાયરસની ઝપેટમાં આવી રહ્યા છે. બુધવારે વડોદરાના વતની મયંક રાવનું કોરોના વાયરસના કારણે કરૂણ મોત નિપજ્યું હતું. ત્યાર તેના બીજા દિવસે એટલે કે આજે અમેરિકાથી એક મોટા સમાચાર મળી રહ્યા છે.

અમેરિકામાં કોરોનાની ઝપેટમાં વધુ બે ગુજરાતીઓ આવી ગયા છે અને તેમનું કરૂણ મોત નિપજતા પરિવાર સહિત સમાજમાં દુઃખની લાગણી પ્રસરી ગઈ છે. હાલ મળી રહેલા અહેવાલ પ્રમાણે અમેરિકામાં વડોદરાના ચંદ્રકાંત અમીન અને પંકજ પરીખનું કોરોનાના કારણે મોત છે. આ બન્ને મૂળ ગુજરાતીઓ અમેરિકાના ન્યૂજર્સીમાં રહેતા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com